## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વીતેલાં વર્ષ પીગળે છે અને છલકાય છે પાણી,
અજબનું વ્યાકરણ છે,પાણીથી ભીંજાય છે પાણી.

હુકમ છે કે સમંદરને ઉલેચી નાખ આ વખતે,
અહીં ઉંમર વધે છે એમ વધતાં જાય છે પાણી.

હજી ચોમાસું ચાલે છે,હવામાં ભેજ છે ખાસ્સો;
કઠણ છે કોઇપણ નિર્ણય,ઊભું સૂકાય છે પાણી.

\- ચિનુ મોદી 'ઇર્શાદ'

### પાથેય

\- રમેશ ઠક્કર

# પાણીનું વ્યાકરણ

જળથી વધીને અકળ જગતમાં બીજું શું હોઈ શકે ?માણસને વિસ્મય થતું રહે છે..સર્જકો એને રૂપ રંગ કે ગંધને પામવા મથામણ કરતા રહે છે..વૈજ્ઞાનિકોના મતે એ ગજબનું રસાયણ છે..રહસ્યવાદીઓ એને એક અજાયબી તરીકે જુએ છે..કોઇ કવિ એનું વ્યાકરણ શોધે છે..! વરસો વીતતાં રહે છે..એટલે કે પીગળે છે..એના પીગળવાથી જે વધે છે એ પાણી છે..આ ક્યું પાણી હશે ? કદાચ આપણી આંખોનાં આંસુ હોઇ શકે ! જીવન જેમ વધતું જાય છે વ્યથાઓ જમા થતી રહે છે..એના થકી જે મળે છે એ આંખો ભીની કરી જાય છે..આંસુ એ કદાચ પાણીનો સૌથી પ્રામાણિક પ્રતિભાવ હોય છે..રૂદનની સરવાણી સહજ વહેતી હોય છે..પાણીનો સ્વભાવ જ ભીંજવી નાખવાનો છે..એ જયારે આકાશથી વરસે છે ત્યારે આપણી આસપાસ એક માહોલ રચાઇ જાય છે..યાદોને ભીની કરી જાય છે..પાણી જ જાણે પાણીને ભીંજવી જાય છે..પાણીનો આ પરિચય કોઇક પરિચિતને જ થતો હોય છે..

જીવવાનું જોશ એક ઉંમર સુધી હોય છે..માણસ જેમ જેમ વૃધ્ધ થતો જાય એમ એનું જોમ ઘટતું જાય... પરંતુ માણસની જે ઇચ્છાઓ છે એનું એવું નથી હોતું..એનું ગણિત અટપટું હોય છે..જીવતર એ સમંદર છે તો વધતી વય એક અડચણ છે..આપણને દરિયો ઉલેચવા જેવા પડકારો મળતા જાય છે..આપણા ઉત્સાહનાં નીર ઓસરતાં રહે છે...મનોરથ માંધાતાના અને કરમ કઠિયારાનાં એવી આપણી હાલત બની જાય છે..પાણીના સંદર્ભ સાથે જીવનની આ વાસ્તવિકતાને કવિ અદ્ભૂત રીતે વ્યક્ત કરે છે.

જયાં સુધી શ્વાસ છે ત્યાં સુધી આશાનો સંચાર રહે છે..આપણી હયાતી કાયમ આપણી હલચલનો હિસ્સો બની રહે છે...ચોમાસું પુરૂં થવાના પંથે હોય તો પણ એનો ભેજ વાતાવરણમાં લાંબા સમય સુધી રહેતો હોય છે..પાણીનો કારોબાર ગજબ છે..જે પાણી વરસે જે એ જમા થાય છે..નદી કે તળાવ કે ડેમમાં એકઠું થતું જો આપણે જોઇ શકીએ છીએ.પરંતુ ભેજ બનીને સચવાતા પાણીની પણ અલગ દુનિયા છે..પાણી જયારે ઊભું સૂકાય ત્યારે એ ભેજ બની જતું હોય છે..જગતમાં અવનવી અજાયબીઓ છે..પાણીનાં જ લાખ અચરજ છે..એને પામવા માટે શબ્દો કદાચ ટૂંકા પડે..કેટલીક પાણીદાર પંક્તિઓ એ પડકારને ઝીલી શકતી હોય છે.

# આ છેલ્લી ટ્રેન છે

**તંત્રીસ્થાનેથી...**

રાજપીપળા નર્મદા જિલ્લાનું મુખ્ય મથક છે. જૂના રજવાડાની આ સંસ્કારી પ્રજા માટે નર્મદા સરદાર સરોવર યોજના આશીર્વાદરૂપ નીવડી છે. નજીકમાં જ આવેલી કેવડિયા કોલોની અને વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની પ્રતિમાનાં દર્શન માટે લાખો લોકોની અવરજવર રહેતી હોઈ હવે રાજપીપળા અંતરિયાળ નગર મટીને ઈન્ટરનેશનલ પિકનિક સ્પોટ નજીકનું બજાર બની રહે એવી સંભાવના છે. રાજપીપળાના સમલૈંગિક સંબંધોને માન્યતા અપાવવા ઝઝૂમતા ત્યાંના રાજવી પરિવારના વારસદારના નામે પણ વિશ્વફલક પર ગાજતું અને ગૂંજતું રહ્યું છે. પરંતુ આજકાલ એ જરા જુદા મુદ્દે ચર્ચામાં છે. બજરંગ દળ અને વિશ્વ હિંદુ પરિષદ જેવા હિંદુત્વનાં સંગઠનો દ્વારા અહીં ગણેશોત્સવ પ્રસંગે ગણપતિની સ્થાપના વાલ્મિકી સમાજના અગ્રણીઓના વરદ હસ્તે કરાવવામાં આવી હતી. આ કોઈ નાનીસૂની ક્રાંતિ નથી. સમરસતા વગર હિંદુ સમાજ કે રાષ્ટ્ર કયારેય સાચા અર્થમાં પ્રગતિ કરી શખે નહીં. વર્ણાશ્રમ વ્યવસ્થાને લીધે શુદ્ર ગણાયેલ જાતિઓ અને જનજાતિઓ પ્રત્યે સદીઓથી દુર્વ્યવહાર થતો રહ્યો છે. આજે પણ એના પડઘા શમ્યા નથી. ઘણી બધી દુર્ઘટનાઓ ઘટતી રહે છે. કયાંક ચડેલો વરઘોડો ઉતારી દેવાય છે, કયાંક માત્ર સાફો બાંધવાનો ગુનો ગણીને અનુસૂચિત જાતિના યુવાનને મરણતોલ માર મારવામાં આવે છે. ભારત તો 'વિશ્વગુરુ'નું પદ પામેલો દેશ છે. પરંતુ અહીં જ આ પ્રકારના માનવી માનવી વચ્ચેના નીચ-ઊંચના ખ્યાલો પણ સદીઓથી ચાલતા રહ્યા છે. મનુસ્મૃતિમાં શુદ્રને બ્રહ્માના પગમાંથી પેદા થયેલ સમુદાય ગણાયેલ હોઈ એને સદીઓથી પગ તળે જ કચડવાની પ્રથા પડી ગઈ છે. શંકરાચાર્ય જેવા મહાન ધર્માધ્યક્ષે સુનિકે ચ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શન : કહી જીવ માત્રને સમદષ્ટિથી જોવાની વાત જરૂર કરી પણ એ સમુદાયને મંદિર પ્રવેશ માટે તો છેક મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરના કાર્યકાળ સુધી રાહ જોવી પડી. બંધારણમાં તમામ ભારતીય નગારિકોને લિંગ-જાતિભેદ વગર સમાન ગણવાનો આદેશ હોવા છતાં હજી એવા છૂતાછૂતના પરંપરાગત ખ્યાલો સમૂળગા બદલાયા છે ખરાં ? વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવા હિંદુત્વવાદી સંગઠનો અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી મહાન રાષ્ટ્રવાદી સંસ્થાને આ મુદ્દે મોડો મોડો પમ તાકીદે હલ કરવા જેવો લાગ્યો છે એની પ્રતીતિ રાજપીપળામાં ગણેશ સ્થાપન શુદ્રોના શુદ્ર એવા વાલ્મિકી સમુદાયના પ્રતિનિધિઓ દ્વારા કરાવાયું છે એ ઘટનામાં જોઈ શકાય છે. ક્રાંતિકારી સંતો સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ અને આપણા સચ્ચિદાનંદજી આ મુદ્દે ઉદારતાભર્યું વલણ દાખવવા સમાજને ટપારતા રહ્યા છે. હિંદુ સમાજમાંથી મોટા પાયે ધર્માંતરણ આવા ભેદભાવોને કારણે જ થતું રહ્યું છે અને સમયસર નહીં જાગીએ તો હજી પણ એ સિલસિલો ચાલુ જ રહેશે. સ્વામી સચ્ચિદાનંદે વર્ષો પૂર્વે આખા હિંદુ સમાજને આ મુદ્દે ચેતવતી પુસ્તિકા લખી હતી : 'આ છેલ્લી ટ્રેન છે.' જો એ ચૂકી જશે તો હિંદુ સમાજે એનાં માઠાં ફળ ભોગવવાં જ પડશે !

# એ તો અમે કર્યું'તું....



**રંગ અને વ્યંગ**
**અનંત પટેલ**

ઘણીવાર આપણે સાંભળીએ છીએ કે...., " જમણો હાથ પુણ્યનું કામ કરે તો એની ડાબા હાથને ખબર ના પડવી જોઇએ " એટલે કે પુણ્યનું કે દાનનું કે સદાચારનું કામ હંમેશા ગુપ્ત રહેવું જોઇએકે ગુપ્ત રાખવું જોઇએ.લોકો આ બધું વાંચે,સાંભળે અને વિચારે પણ પછી અનુંકરણ ના કરે. એ પોતે કરેલા બીજાના કામની વાત જ્યાં સુધી ત્રીજાને ન કરે ત્યાં સુધી જાણે એમને ચેન નથી પડતું. જો કે બધા લોકો આવા નથી હોતા પણ ક્યાંક ક્યાંક આવા નમૂનાના લોકો જોવા મળે છે... કોઇ ગરીબને દીકરો પરણાવવાની તેવડ ન હોય ત્યારે ગામના શેઠ દયા ખાઇને મદદ કરે ( જો કે વ્યાજ અને નફો પૂરેપૂરો લે જ ) તે પછી એ છોકરાનો વરઘોડો નીકળે કે જાન પરણવા જાય ત્યારે એ શેઠ તો હરખમાં માતા નથી,પોતે મનમાં હરખ કરે ત્યાં સુધી સારુ પણ પછી કોઇ આવીને વાત કરે કે,

" શેઠ જૂઓ તો ખરા, આ કાનજી મારો બેટો લાગતો'તો બહુ ગરીબ પણ છોકરો પૈણાવવા જે રીતે રુપિયા ખર્ચે છે તે જોતાં એમ લાગે છે કે હાળાએ હારી બચત કરી રાખી હશે નહિ ? "

ત્યારે પેલા શેઠથી રહેવાય નહિ ને બોલી જ નાખે,

" અલ્યા એ મારો ઘરાક છે એની તને ખબર નથી ? આ તો બધી મારા પ્રતાપે જાહોજલાલી છે બાકી એની પાસે શેના પૈસા ?"

" ઓહોહો ત્યારે એમ વાત છે ?? , મારો બેટો એમાં જ વટબંધ મ્હાલવા લાગ્યો છ હોં..."

આવું જ ઘણી વખત બહેનો પણ કરે છે. એક બહેને બીજી બહેનને ભીડમાં કશી મદદ કરી હોય તો એ ત્રીજીને તો કહેવા ના જાય પણ જેને મદદ કરી હોય એને જ વારે ઘડીએ બસ સંભળાવ્યા જ કરે. એટલે પેલી મદદ લેનારી બહેનને એવું પણ થઇ આવે કે,

" મેં ક્યાં આમની જોડેથી મદદ લીધી ?એમણે કામ કર્યું તો સારું કર્યું પણ કેટલી વાર કીધા કરશે ??"

આમ ઘણી વાર મજબૂરીથી મદદ લેનાર વ્યક્તિ અકળાઇ જાય એટલી હદે મદદ કરનાર તેને મદદની વાત સંભળાવે જ રાખે છે.

સમાજમાં ત્રીજો વર્ગ એવો હોય છે જે પોતે કરેલી મદદની વાત બીજે ક્યાંય ન કરે પણ જેને એમણે મદદ કરી હોય એની પાસેથી કશીક અપેક્ષા સતત રાખ્યા કરે. દરેક નાના મોટા પ્રસંગે મદદ લેનાર વ્યક્તિ એમને યાદ રાખીને બોલાવે જ એવો એમનો દુરાગ્રહ પણ હોય જ.... અને ખરેખર જો એમેની મદદ લેનાર વ્યક્તિ કોઇ કારણસર એમને બોલાવવામાં ઢીલ કરે કે શરતચૂકથી ભૂલી જાય તો તો એમનો તોબડો કેવો ચઢી જતો હોય છે...!!!!

પણ ખરેખર આવું ન હોવું જોઇએ. સમાજમાં આપણે એક બીજાની મદદ લેવી પડે એ ઘણું જ સ્વાભાવિક છે અને કોઇને આપણે મદદ કરીએ તો તો એ પણ સહજ બાબત છે, એમાં એનું ગાણું આખા ગામમાં ગાયા ન કરાય કે પછે એ વ્યક્તિ પાસેથી બદલામાં કશી અપેક્ષા પણ ન જ રાખવી જોઇએ.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
\- anantpatel135@yahoo.com

# વિશ્વતોમુખી સર્જક : આપણાં ઉમાશંકર



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

જીવનમંથનવિષ પોતે કરી પાન,
અમૃત જે ઉપન્યું કરી ગયા છો દાન.

જુલાઈની ૨૧મી તારીખ આવી અને ગઈ. હાલના વરસાદી માહોલમાં ૨૧મી જુલાઈએ કવિ ઉમાશંકર જેઠાલાલ જોશીનું સકારણ સ્મરણ થયું. આ દિવસે જ ૧૯૧૧માં કવિશ્રીનો જન્મ થયો હતો. આ લેખના મથાળે લખી છે તે પંક્તિ મહાકવિ કાળિદાસ વિશે વાત કરતા કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરે લખી હતી. તેનો ગુજરાતીમાં થયેલો સુંદર અનુવાદ છે. આ જ વાત આપણાં મૂર્ધન્ય કવિ ઉમાશંકર વિશે કરી શકાય. ઉમાશંકર તેમજ સુન્દરમનો પ્રભાવ તત્કાલીન સમય તેમજ સર્જકો પર પડ્યો છે. કવિ ઉમાશંકર ૧૯૮૮માં ગયા પરંતુ આજે પણ તેમની સ્મૃતિ અનેક સર્જકો તથા ભાવિકોના મનમાં સંગ્રહિત થયેલી છે.

૨૧મી જુલાઈ(૨૦૨૨)ના દિવસે કેટલાક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની વચ્ચે ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બેસીને ઉમાશંકરને યાદ કરીને નમન કરવાની એક તક મળી તેનો સહજ આનંદ થયો. કેળવણી અને માનવમૂલ્યો જેવા વિષયને કેન્દ્રમાં રાખીને કવિ ઉમાશંકર જોશીના જીવનકવનને પણ યાદ કરવાનો પ્રસંગ થયો. ઓગણીસમી સદીના વિશાળ સમયપટ પર ગોવર્ધન રામ ત્રિપાઠીની છાપ દેખાય છે તે જ રીતે વીસમી સદીના મહત્વના ઐતિહાસિક અનુસંધાને સુન્દરમ તથા ઉમાશંકર દેખાય છે. ગાંધીનગરની કોલેજે કર્યું તેવું આયોજન કોઈ પણ શૈક્ષણિક સંસ્થા કરે તો તે આવકાર તેમજ અભિનંદનને પાત્ર છે.

અમદાવાદ શહેરનું એ સદ્ભાગ્ય છે કે અનેક મહાનુભાવો માટે આ શહેર એક ગાંધીતીર્થ સમાન હતું. ઉમાશંકર પણ આ ગાંધીતીર્થમાં જ શિક્ષણતીર્થોની શોધ કરે છે. તેમને આવા તીર્થો આ ભાતીગળ શહેરમાં મળી પણ આવે છે. અમદાવાદની પ્રોપ્રાયર્રી હાઈસ્કૂલ તથા ગુજરાત કોલેજ જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરવાનો સુખદ યોગ થયો. ગુજરાત યુનિવર્સીટી સાથે કવિ ઉમાશંકરનું જોડાણ એ સોનામાં સુગંધ જેવું થયું. આપણી નજર સામેની આ ગુજરાત યુનિવર્સીટીને ઉમાશંકર તથા પી.સી. વૈદ્ય જેવા સમર્થ કુલપતિઓ મળ્યા છે તે અમદાવાદના શિક્ષણ જગતની ગૌરવપ્રદ ઘટના છે. ક. મા. મુનશીએ પોતાના આશીર્વચન આપતા કવિ ઉમાશંકરને લખ્યું કે સાહિત્યના ક્ષેત્રે જેવા મહોરી ઉઠ્યા છે, તેવું જ આ શૈક્ષણિક ક્ષેત્રમાં કરજો. મુનશીની અપેક્ષાથી કવિશ્રી સહેજ પણ ઉણા ઉતર્યા નથી. બહુ ઓછા લોકો એવા હશે કે જેમણે તેઓ જે જગા પર કાર્ય કરતા હોય ત્યાં પોતાની એક આગવી છાપ ઉભી કરતા હોય. આ બાબતમાં કવિશ્રીનો જીવન ઈતિહાસ ઉજળો છે. વર્ગમાં અધ્યાપન કાર્ય હોય કે યુનિવર્સીટીના સર્વોચ્ચ વડાની જગા હોય એ દરેક સ્થળે ઉમાશંકર જોશીએ પોતાની એક અનોખી છાપ કાર્યનિષ્ઠાના બળે છોડી છે. એક જાગૃત સાંસદ તરીકે તેઓએ રાજ્યસભાની ચર્ચાઓમાં મૂલ્યવૃદ્ધિ કરી છે. આ બાબતમાં પણ સરકારના વલણમાં કોઈ નબળી બાબત હોય તો તેમણે તાર્કિક રીતે રજુ કરી છે જે નોંધપાત્ર છે.

કવિ શ્રી ઉમાશંકર જોશી આજીવન અધ્યાપક રહ્યા છે. સ્વાધ્યાય કે પ્રવચનમાં પ્રમાદ ન કરવો તે ઉપનિષદનો સંદેશ તેમના જીવનમાં ગુંથાઈને પડેલો છે. અધ્યાપકનું કાર્ય એ માત્ર વર્ગખંડો પૂરતું સીમિત હોતું નથી. અધ્યાપક પોતે જ જેમ જેમ વિસ્તરતો તથા વિકસતો રહે છે તેમ તેમ સમગ્ર સમાજ તેનાથી લાભાન્વિત થતો રહે છે. ૧૯૪૭થી તેમણે 'સંસ્કૃતિ' માસિક શરુ કર્યું. 'બુધ્ધિપ્રકાશ'ના પણ તેઓ સંપાદક રહ્યા હતા. સામયિક ચલાવવું તે અઘરું કામ છે. પાયાના મૂલ્યો સાથે બાંધછોડ કર્યા સિવાય ચલાવવું તે વિશેષ અઘરું છે. છતાં આવા એક વ્યાપક અર્થમાં અધ્યાપકીય કાર્ય માટે ઉમાશંકર જોશીએ સફળ પ્રયાસ કર્યો. આપણી ભાષા તેમજ સાંપ્રત સમાજ તેનાથી લાભાન્વિત થયા. એકલા હાથે 'સંસ્કૃતિ' ચલાવવું અઘરું હોવા છતાં તેમણે હૈયાના ઉમળકાથી તે કામ કર્યું. ગ્રાહકોના સરનામાં પણ જાતે કરવા પડે તો કરીને સામયિક ચલાવવાનો આ ઉપક્રમ એક તપશ્ચર્યા સમાન હતો. અનેક સર્જકોની કલમની માવજત સંસ્કૃતિના માધ્યમથી થઈ શકી. ડિસેમ્બર-૧૯૮૪ સુધી 'સંસ્કૃતિ'ની સફર એ આપણાં સાહિત્ય સર્જન-સંવર્ધનનો ઉજળો આલેખ છે. કુમાર કે સંસ્કૃતિમાં પોતાનો લેખ કે કોઈ રચના પ્રગટ થાય તો કોઈપણ સર્જક માટે તે ગૌરવનો વિષય ગણાતો હતો. 'સંસ્કૃતિ'ની માવજત એ કવિ ઉમાશંકર જોશીના જીવનની એક શીખ છે જે સાહિત્યના સામયિકો ચલાવનારા માટે પ્રેરણાદાયક છે. તત્કાલીન ભારત સરકારે તેમની નિમણુંક રાજયસભામાં કરી. આપણી ગૌરવયુક્ત રાજ્યસભામાં તેમની નિમણૂંક એ સર્વથા ઉચિત પસંદગી હતી. જયારે જૂન-૧૯૭૫માં દેશમાં કટોકટી લાદવામાં આવી ત્યારે અનેક વિચારકો કે જાગૃત નાગરિકોના મન દુભાયા હતા. પ્રાધ્યપક પુરુષોત્તમ માવળંકર તેમજ કવિ ઉમાશંકર જોશીએ પોતાની આ બાબતમાં અસમંતિ લોકસભા તેમજ રાજયસભાની આ વિષયની ચર્ચા દરમ્યાન સ્પષ્ટ તેમજ તર્કબદ્ધ રીતે કરી હતી. વિચાર સ્વાતંત્ર્ય બાબતમાં કોઈ નિયંત્રણો સ્વીકારે તેવી મનોદશા આ કવિની ન હતી. ઉમાશંકર એ ગુજરાતના સંસ્કાર-જીવનના ઉદગાતા હતા. કવિના જીવનમૂલ્યોનું દર્શન તેમના સર્જનોમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. કવિના એક વિખ્યાત સર્જન 'પ્રાચીના'માં સાત રચનાઓ છે. કવિ આ રચનાઓમાં પણ મૂલ્યોની સતત ખેવના તેમજ ઉપાસના કરતા રહે છે. 'કર્ણકુંતિસંવાદ'માં કવિના યાદગાર શબ્દો પ્રગટે છે. જન્મના આધારે જ જેમને હીણાં કે ઉતરતા ગણવામાં આવે તેવી કોઈ સામાજિક પરંપરાને કવિના બળુકા શબ્દોમાં પાયામાંથી જ પડકારવામાં આવી છે. 'કર્ણકુંતિસંવાદ' કાવ્ય એ કવિની અમર રચનાઓમાં એક ગણી શકાય તેવી પ્રબળ છે. કવિ લખે છે:

કે હીન જન્મે
નવ હીન માનવ
કે હીન કર્મે કરી
હીન માનવ.

આપણાં ધન્યનામ વિચારકો તથા સર્જકો જે મૂલ્યોની વાત કરીને ગયા તેનું મહત્વ આજના સંદર્ભમાં પણ એટલું જ છે. આથી કેળવણી તથા માનવમૂલ્યોને કેન્દ્રમાં રાખીને આયોજિત થયેલી કોલેજની આ વ્યાખ્યાનમાળા કવિ શ્રી ઉમાશંકર જોશીની સ્મૃતિને વંદન કરતા આનંદ થાય છે.

# 'જાત સમજયા તો જગત સમજયા...'એ વાતનો એહસાસ કરાવતો નિબંધસંગ્રહ 'શિયાળાની સવારનો તડકો...'



**સંવેદનનું સ્ટેટસ**
**રમેશ ઠક્કર**

જે માણસ પુસ્તકપ્રેમી હોય છે એ આપોઆપ વિશ્વપ્રેમી હોય છે. કોઈકે સરસ કહયું છે કે 'કોઈપણ વ્યક્તિ શું વાંચે છે એની યાદી મને આપી દો..એના ઉપરથી હું તમને એ વ્યક્તિ કેવી છે એ કહી દઈશ.' પુસ્તકો ત્રણ પ્રકારનાં હોય છે..કેટલાંક કેવળ જોઈ જવા જેવાં. .કેટલાંક મમળાવવા જેવાં..અને કેટલાંક પચાવવા જેવાં. કિતાબના સહારે કિસ્મત બદલાઈ જવાનાં અનેક ઉદાહરણો છે. ટ્રેઈનમાં સમય પસાર કરવા મોહનદાસ નામના બેરિસ્ટરે જહૉન રસ્કિન નું 'અન ટુ ધી લાસ્ટ' વાંચ્યું અને એની દિશા બદલાઈ ગઈ. 'સર્વોદય'ની પરિકલ્પના થકી એ ઝણઝણી ઉઠયા. અને મોહનમાંથી મહાત્મા થઈ ગયા..! આવાં તો અનેક દ્રષ્ટાંતો છે..જે માણસ પુસ્તકને પ્રેમ કરે છે એને કયારેય બેવફાઈનો અનુભવ થતો નથી..ગ્રંથનો પંથ કાયમી મનભાવન હોય છે..કેટલાક લોકો બૂકવૉર્મ હોય છે..પુસ્તકનું પડખું છોડી શકતા નથી..વાચનની અનુભૂતિ અવર્ણનીય હોય છે..એ મજા કંઈક ઑર છે..એટલે જ 'કલાપી' કહે છે 'ભળીશ નહીં હું મિત્રો..સ્વજનો, લોકો થી..જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી...' પુસ્તક નહીં વાંચનાર વ્યક્તિ ઘણુંબધું ગુમાવે છે..પુસ્તકના સહારે આપણે એકલતાને અતિક્રમી જઈએ છીએ..સંવેદનાને સ્પર્શી શકીએ છીએ..માણસે અનેક શોધો કરી છે પરંતુ પુસ્તકની શોધ એ લેન્ડમાર્ક છે..!

આપણી ભાષાનું આવું જ એક અદ્ભુત પુસ્તક એટલે "શિયાળાની સવારનો તડકો"..એ નિબંધ સંગ્રહ છે..નિબંધ એટલે શિસ્ત સાથેનો સ્વૈરવિહાર..આપણી ભાષામાં કાકાસાહેબ કાલેલકર,સુરેશ જોશી, ભોળાભાઈ પટેલ,ફાધર વાલેસથી લઈને આજના અનેક યુવા અને નિવડેલા નિબંધકારોની એક યાદી છે..વાડીલાલ ડગલી મુળ તો એક અર્થશાસ્ત્રી..કોમર્સ મેગેઝિન તંત્રી અને પત્રકાર..મુળ કવિ જીવ.એક વખત કવિશ્રી હરીન્દ્ર દવેએ એમને ટકોર કરી" આ તમે અંગ્રેજીમાં લખો છો તે મોટા ભાગનું પત્રકારત્વ છે.પણ જો તમે ગુજરાતીમાં લખો તો કયારેક તે સાહિત્ય થઈ બેસશે.." એ પછી એમણે જે નિબંધો લખ્યા એ "શિયાળાની સવારનો તડકો" આ એક જ સંગ્રહથી એમણે ગુજરાતી સાહિત્યમાં લેખક તરીકે પોતાનું નામ અંકિત કરી લીધું..નર્મદ સાહિત્ય સભા તરફથી આ નિબંધ સંગ્રહની સર્વોત્તમ પુસ્તક તરીકે "નર્મદ સુવર્ણચંદ્રક " પ્રદાન કરવામાં આવ્યો છે...

સોળમી સદીમાં ફ્રાન્સમાં થયેલ નિબંધકાર માઈકલ મોન્તેઈન (૧૫૩૩થી ૧૫૯૨) એ નિબંધનો પિતા ગણાય છે..એ પછી અનેક અંગ્રેજ લેખકોએ નિબંધને લોકપ્રિય કરવામાં ફાળો આપ્યો..એના અનેક પ્રકાર છે. જેમ કે ચિંતનાત્મક, પ્રેરક,રેખાચિત્રો, પ્રાકૃતિક, અંગત વગેરે...મોન્તેઈનના નિબંધો અંગત નિબંધ હતા.."હું શું જાણું છું" એ વાક્ય એના નિબંધોનું ચાલકબળ ગણાય છે..એ માનતો કે "જીવન એ સુંદર ચીજ છે દુનિયાના બીજા માણસો સાથે તમારે શાંતિ અને ગૌરવથી જીવવું હોય તો તમારે સૌથી પહેલાં તમારો પોતાનો સ્વભાવ કેવો છે તે શોધવું જોઈએ " વાડીલાલ ડગલીને આપણે ગુજરાતી ભાષાના મોન્તેઈન કહી શકીએ..એમણે આ સંગ્રહમાં કુલ ૩૬ જેટલા અંગત નિબંધો આપ્યા છે. જે એક નવું ભાવજગત લઈ આવે છે..

સ્વૈરવિહાર એ નિબંધની છૂટ છે તો લાઘવ એ શિસ્ત છે..અંગત નિબંધો એ સ્થુળ અર્થમાં અંગત નથી હોતા..એમાં પોતાની વાત વ્યાપક રીતે સંવેદન પામી શબ્દદેહ પામે છે..એ કહે છે " અંગત નિબંધ ત્રિવેણી જેવો છે..તમે પોતે,તમારા અંદરની જાત અને સામેનો માણસ"..લેખક પોતે અર્થશાસ્ત્રી છે..એમના અનુભવ અલગ પ્રકારના છે..એમની પાસે અલંકારિક કે કોઈ અલગ ભાષા નથી..એ વ્યસ્તતા વચ્ચે લખતા જાય છે..એમાં એમના અંગત પ્રસંગો વગેરે એ રીતે આવે છે જાણે એ માત્ર એમની જ નહીં આપણા સહુની વાત બની જાય છે..."ચાલતાં ચાલતાં " શિર્ષક હેઠળ લખાયેલો નિબંધ એનું ઉદાહરણ છે..પોતાના એક વ્યકિતગત શોખને એ કેટલા પરિમાણોથી જુએ છે ! અને છેલ્લે સરસ તારણ આપે છે " કેટલીક વાર ચાલતાં ચાલતાં સામા માણસની ઊજળી બાજુ વધુ ઊજળી દેખાય છે.આપણી મર્યાદાઓ તરત નજરે ચડે છે.આ બેવડા દબાણને પરિણામે ક્રોધ ઓસરી જાય છે..અને મન હળવું થઈ જાય છે.જયારે હું ચાલતો હોઉં છું ત્યારે મારૂં મન કાજીની ખુરશી ઉપરથી નીચે ઉતરી પડે છે.અને સંસારને સમજવાનો પ્રયત્ન કરે છે.."

"રીતભાતની રાહત" નિબંધમાં એ અદભુત વાત કરે છે "જયાં આપણને કશો ફાયદો થવાનો નથી એવા સમયે આપણાથી ઉતરતી કક્ષાના માણસો સાથે આપણે કઈ રીતે વર્તીએ છીએ એ આપણી રીતભાતની એકમાત્ર કસોટી છે.."ત્યાગની ટોપીમાં એ આપણી દંભી માનસિકતાને સહજ રીતે ઉઘાડી આપે છે..અને વાતો કે આદર્શ કરતાં પ્રામાણિક કર્મ યોગ્ય છે એ વાત સરળ શબ્દોમાં મૂકી આપે છે..આમછતાં એમાં કોઈ સલાહ કે ટકોરનો ભાવ અનુભવાતો નથી..એક જગ્યાએ એ સરસ લખે છે કે 'આપણે ત્યાં બાળક પ્રત્યે પ્રેમ છે પણ આદર નથી..'ભણતર વિશે અડધા વાક્યમાં ગજબ લખે છે કે ભણતર એટલે ખાંખાંખોળાં ! " એ પછી જે કહે છે..'પ્રેમ અને વિદ્યાનો પંથ સરળ નથી તેમાં વારંવાર અંતરાયો આવવાના જ.આપણે તો પેલા કરોળિયાની જેમ દીવાલ ઉપર થોડું ચડીને પછડાવાનું અને પાછા ચડવાનું,પાછા પછડાવાનું અને પાછા ચડવાનું છે..આને કેટલાક લોકો સાધના કહે છે.."

એક નિબંધનું શિર્ષક છે "મને મારી પોતાની બીક લાગે છે...!" એમાં " જગત જો સંતોનું જ બનેલું હોય તો એમાં જીવવાનો કોને રસ પડે ? આ દુનિયા મારા તમારા જેવા જાત સાથે બાથોડિયાં ભરતા એકાદ ડગલું આગળ વધતા,બે ડગલાં પાછળ જતા અને ફરી પાછા બાંયો ચડાવીને આગળ ચાલવા માંડતા નિર્બળ માણસોની બનેલી છે તેથી જ તે રસભરી બની છે..!" કામ ટાળવાનો થાક નામના નિબંધમાં એ લખે છે.." હું જયારે કામ કરૂં છું એ કરતાં કામ ટાળું છું ત્યારે મને સરવાળે વધુ થાક લાગે છે."!

"નિવૃત્તિની યાતના"માં નિવૃત્ત માણસનો ચિતાર જુઓ .."આપણે કોઈ ઓરડામાં બેસી અત્યંત અગત્યનો પત્ર લખતા હોઈએ અને કોઈ એકાએક આવી વીજળીની ચાંપ બંધ કરી દે અને બધે અંધારું ફેલાઈ જાય ત્યારે આપણને જે ચીડ ચડે છે એવી ચીડ નિવૃત્તિ સમયે માણસ અનુભવે છે..!"આધ્યાત્મિકતાની શેખીમાં કઠોર થયા વગર જ એ આપણને વાતવાતમાં આપણા મિથ્યાભિમાન વિશે ટકોર કરી લે છે.."તાણનું સંગીત " કાવ્યાત્મક છે..સૌથી મસ્ત નિબંધ એ "મનની ઉઘાડી બારી " છે.અંગ્રેજી શબ્દ લિબરલ સ્પિરિટ માટે એમણે આવો ભાવાનુવાદ કર્યો છે..ધર્મ એટલે ? એમણે પંડિત સુખલાલજીની વ્યાખ્યા મુકી છે.." ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ.તેમજ એ બે વિવેકી તત્વોની વચ્ચે ઘડાતો જીવનવ્યવહાર."

"મોંઘી સાદગી " અને "લાઈબ્રેરીમાં" મૌલિક વિષયની આગવી રજૂઆત છે.લેખકને ગમતો વિષય દરિયો છે..અને એટલે જ એક નિબંધનું શિર્ષક "દરિયાકિનારે" છે...ગુજરાતી સાહિત્યમાં 'પર્સનલ એસે' એટલે કે અંગત નિબંધો બહુ ઓછા લખાયા છે..વાડીલાલ ડગલીનો આ સંગ્રહ એમાં મોટી ઉપલબ્ધિ છે..

\- (rrthakkar2@gmail.com).